હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



ના પિતાજી... હું મૌન રહી સાધનામાં ઉતરી નથી ગયો... મે મોબાઈલ લીધો છે...!

સટ્ટાની ફેક રેઈડમાં ફસાયેલો ગાંધીનગર આરઆરસેલ વિખેરાયો..!

આર.આર.સેલ પી.એસ.આઈ ભાવેશ દેસાઇને આહવા-ડાંગ અને તેમની ટીમને અમરેલી જિલ્લામાં બદલી કરી દેવાઈ : તોડ કરવાના ઈરાદે સટ્ટાનો ખોટો કેસ કર્યો હોવાનો કોર્ટમાં પુરાવાઓ સાથે આક્ષેપ થતા એસીબીને ઈન્ક્વાયરી સોંપાઈ હતી

ગાંધીનગર, તા.૨૩

ક્રિકેટ સટ્ટાની ફેક રેઈડમાં ઘણા સમયથી વિવાદમાં ફસાયેલો ગાંધીનગર આર.આર.સેલ આખરે વીખેરાઇ ગયો છે. ગાંધીનગર આર.આર.સેલના પીએસઆઇ ભાવેશ રબારીની આહવા-ડાંગ ખાતે બદલી કરી દેવામાં આવી છે. તો બીજી તરફ તેમની ટીમનાં ૬ હેડ કોન્સ્ટેબલના અમરેલી જિલ્લામાં બદલીના હુકમ થતાં પોલીસ બેડામાં ખળભળાટ મચી જવા પામ્યો છે. નોંધનીય બાબત એ છે કે ગાંધીનગર આર.આર.સેલે તોડ કરવાના ઈરાદે સટ્ટાનો ખોટો કેસ કર્યો હોવાનો આક્ષેપ ગાંધીનગર કોર્ટમાં પુરાવાઓ સાથે થયો હતો જેમાં એન્ટી કરપ્શન બ્યુરો ને તપાસ કરી કાર્યવાહી કરવા કોર્ટે આદેશ પણ આપ્યો હતો.

ગાંધીનગર પાસેના વાસન ગામના વતની અને હાલ સેકટર-૭ માં રહેતા લાલસિંહ વિષ્ણુજી વાઘેલાએ વકીલ મારફતે ગાંધીનગરના તત્કાલીન અધિક પોલીસ અધિક્ષક વિજય પટેલ અને આર.આર.સેલના પી.એસ.આઈ ભાવેશ રબારી સહિત નવ પોલીસ કર્મચારી અધિકારીઓ સામે સત્તાનો દુરુપયોગ કરી મોટો તોડ કરવાના ઈરાદે ખોટો અને બનાવટી ક્રિકેટ સટ્ટાનો કેસ ઉભો કર્યો હોવાની ફરિયાદ ગાંધીનગર કોર્ટમાં દાખલ કરાવી હતી. કોર્ટમાં દાખલ કરેલી ફરિયાદ મુજબ ૧૩ ડિસેમ્બર ૨૦૧૭ ના રોજ ગાંધીનગરના સેક્ટર-૩ એ ન્યુ ખાતે પ્લોટ નંબર ૨૯૬/૨ ખાતે રહેતા સંદીપ પટેલના ઘરે પોલીસનો દરોડો પડયો હતો. ખાનગી કપડામાં આવેલી પોલીસ કોઈપણ પ્રકારના વોરંટ કે નોટિસ તથા પંચોના માણસોને સાથે લીધા વિના ઘરમાં રહેલા ટીવી લેપટોપ અને મોબાઈલ સહિતના સાધનો લઇ ગઈ હતી. તો બીજી તરફ સંદીપ પટેલને પોલીસ આઈજી ઓફીસ લઈ ગઈ હતી અને કહ્યુ હતું કે તારા મિત્ર લાલસિંહ ઉપર મોટો સટ્ટાનો કેસ કરવાનો છે. જો કેસ ના કરવો હોય તો રૂપિયા ૧૦ લાખ આપવા પડશે. રૂપિયા આપવાની ના પાડતા ખોટો કેસ કર્યો હોવાનો ફરિયાદમાં આક્ષેપ છે. આ મામલે લાલસિંહે સેશન્સ કોર્ટમાં વકીલ મારફતે ફરિયાદ દાખલ કરાવી છે. આર.આર. સેલના પીએસઆઇ ભાવેશ રબારી સહિતના પોલીસે ખોટા પંચનામા કરી ખોટી ફરિયાદ ઊભી કરી હોવાનો આક્ષેપ થયો છે. જ્યારે સેક્ટર-૮ સેન્ટ ઝેવિયર્સ સ્કુલ પાસે આર.આર. સેલના વહિવટદાર યશવંતસિંહ રાઠોડે અફઝલ મન્સુરી પાસે કેસની પતાવટ માટે રૂપિયા ૫૦ લાખની લાંચ માગી હોવાનો પણ આક્ષેપ થયો છે. તત્કાલીન અધિક પોલીસ અધિક્ષક વિજય પટેલ દ્વારા ખોટા કેસને સાચો બતાવી સાથે પોલીસ કર્મચારીઓને બચાવવા માટે યોગ્ય કાર્યવાહી નહીં કરી પુરાવાનો નાશ કરી ખોટો કેસ કરવામાં પ્રોત્સાહન પૂરું પાડીને ગુનામાં મદદગારી કરી હોવા અંગેની પણ ફરિયાદીએ ગાંધીનગર ડિસ્ટ્રીક્ટ કોર્ટના વકીલ ધવલ મહેતા મારફતે ફરિયાદ દાખલ કરતા એડિશનલ સેશન્સ જજ આર.એમ.વોરાએ ગાંધીનગર એન્ટી કરપ્શન બ્યુરોને ગાંધીનગર જિલ્લાના તત્કાલીન અધિક પોલીસ અધિક્ષક અને આર.આર.સેલના પી.એસ.આઈ ભાવેશ રબારી સહિત ૯ પોલીસ અધિકારી કર્મચારીઓ સામે યોગ્ય તપાસ કરીને કાર્યવાહી કરવાનો હુકમ કર્યો હતો. આ કેસમાં વિવાદમાં ફસાયેલી ગાંધીનગર આરઆરસેલ આખરે વિખેરાઈ જતા સમગ્ર પોલીસ બેડામાં ચકચાર મચી જવા પામી છે. નોંધનીય બાબત એ છે કે આ સટ્ટાના કેસમાં દર્શાવેલા પંચો તે સમયે અન્ય સ્થળોએ હાજર હોવાના સીસીટીવી કેમેરાના ફૂટેજ સહિતના પુરાવા પણ ફરિયાદીએ કોર્ટ સમક્ષ રજૂ કર્યા હતા.

અનામતને પગલે ઠાકોર સમાજના સત્યાગ્રહ છાવણી ખાતે ધરણાં

ગાંધીનગર, તા.૨૩

રાજયભરમાં આવેલા ઠાકોર સમાજને બક્ષીપંચમાંથી અલગ ૧૫ ટકા અથવા વસ્તીના ધોરણે અનામત આપવી, ઠાકોર વિકાસ નિગમમાં રૂપીયા પાંચ હજાર કરોડની ગ્રાન્ટ આપવી, સહિતની માંગણીઓ સાથે ઠાકોર સમાજના ભાઈ બહેનો ગાંધીનગર શહેરની સેકટર-૬ સ્થિત સત્યાગ્રહ છાવણી ખાતે બુધવાર અને ગુરુવાર સુધી બે દિવસીય ધરણા પર ઉતર્યા છે. ત્યારે આગામી સમયમાં અનામત માટે રાજયભરમાં વિવિધ કાર્યક્રમ આપવામાં આવશે અને આંદોલનને ઉગ્ર સ્વરુપ આપશે.

તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા સર્વણોને ૧૦ ટકા આર્થિક અનામત આપવામાં આવી છે. જેને પગલે હવે ઓબીસીમાંથી અલગ અનામત મેળવવા માટે ઠાકોર સમાજ મેદાને પડ્યું છે. ઠાકોર સમાજને ઓબીસીમાંથી અલગ ૧૫ ટકા અનામત અથવા વસ્તીના ધોરણે અનામત આપવી, ઠાકોર વિકાસ નિગમમાં રૂ.૫ હજાર કરોડની ગ્રાન્ટ આપવી, સમાજની વિધવા બહેનોને માસિક રૂ.૫ હજાર પેન્શન આપવું, તેમજ હિંમતનગરના હુંઢર કેસમાં નિર્દોષ ઠાકોર યુવાનો પર થયેલા કેસ પાછા ખેંચવા, ઠાકોર સમાજ માટે દરેક જિલ્લામાં આદર્શ નિવાસી શાળાઓ બનાવવી જેવા મુદ્દા સાથે આજે સેકટર-૬ સત્યાગ્રહ છાવણી ખાતે ઠાકોર સમાજ દ્વારા બુધવાર અને ગુરુવારના રોજ બે દિવસીય ધરણા યોજાશે. અનામત મેળવવા માટે આગામી સમયમાં ભુખ હડતાલ રેલીઓ જેવી વિવિધ કાર્યક્રમ આપી આંદોલનને ઉગ્ર બનાવવામાં આવશે. તેમજ ગુજરાત ઠાકોર સમાજ અનામત સમિતિના પ્રમુખ અજમલજી ઠાકોરે જણાવ્યું છે. ત્યારે ગાંધીનગર ખાતે યોજાયેલા બે દિવસીય ધરણાના કાર્યક્રમમાં ઠાકોર સમાજના હોદેદારો, આગેવાનો અને કાર્યકર્તાઓ મોટીસંખ્યામાં હાજર રહ્યા હતા.

આલમપુરમાં પરિણીતાનો ઝેરી દવા ગટગટાવી આપઘાત

પરિણીતાનું સારવાર દરમિયાન મૃત્યુ : આપઘાતનું કારણ રહસ્યમય

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર નજીક આવેલા આલમપુર ગામમાં રહેતી પરિણીતાએ ગઈકાલે બપોરે પોતાના ઘરે કોઈ અગમ્ય કારણોસર ઝેરી દવા ગટગટાવી આપઘાત કરી લેતાં ચકચાર મચી જવા પામી છે. પરિણીતાને તાત્કાલીક પરિવારજનો દ્વારા સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવી હતી પરંતુ ત્યાં મોડી રાત્રે તેણીનું સારવાર દરમિયાન કરૂણ મૃત્યુ નીપજયું હતું. ચિલોડા પોલીસે આ મામલે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી આપઘાતનું કારણ બહાર લાવવા તજવીજ શરૂ કરી છે.

મળતી માહિતી મુજબ ચિલોડા-ગાંધીનગર રોડ પર આવેલા આલમપુર ગામમાં રહેતા સુહાગબેન ભીખાજી સોલંકી ગઈકાલે બપોરે પોતાના ઘરે હતા ત્યારે કોઈ અગમ્ય કારણોસર તેમણે ઝેરી દવા ગટગટાવી લીધી હતી. પરિવારજનોનું ધ્યાન તરફડીયા મારી રહેલી સુહાગ સોલંકી ઉપર પડતા તેઓ હેબતાઈ ગયા હતા અને તાત્કાલિક પડોશીઓ સાથે મળીને સુહાગ બેનને હોસ્પિટલ ખસેડયા હતા. મોડી રાત સુધી સુહાગબેનને સારવાર હોસ્પિટલમાં ચાલી હતી દરમિયાન મોડી રાત્રે તેમનું સારવાર દરમિયાન કરૂણ મૃત્યુ નિપજયુ હતું. આ મામલે ચિલોડા પોલીસને જાણ કરાતા પોલીસ સ્થળ પર આવી પહોંચી હતી અને મૃતદેહ પોસ્ટમોર્ટમ કરાવી અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને આપઘાતનું કારણ બહાર લાવવા તજવીજ શરૂ કરી છે તો બીજી તરફ લગ્નગાળો ઓછો હોવાથી સમગ્ર ઘટનાની તપાસ ડીવાયએસપીને સોંપવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.

જિલ્લા સ્કાઉટ ગાઈડ દ્વારા (પોળો) ફોરેસ્ટ કેમ્પ યોજાયો

પોળો ફોરેસ્ટ ખાતે સ્કાઉટ કેમ્પનું વિશિષ્ટ આયોજન જિલ્લા સ્કાઉટગાઈડ દ્વારા કરવામાં આવ્યું હતું. શહેરની નામાંકિત શાળાના વિદ્યાર્થીઓને અરવલ્લીની ગિરિમાળામાં ટ્રેકિંગમાં ભાગ લીધો હતો. આ કેમ્પમાં માર્ગદર્શક તરીકે જિલ્લા સ્કાઉટગાઈડ કમિશનર રતિલાલ સી. જોષીએ વિદ્યાર્થીઓ સ્કાઉટગાઈડ વિશેની માહિતી આપી હતી. તેમાં વિવિધ ગાંઠો કેવી રીતે બનાવવી એની ખાસ સૂચનાઓ આપી હતી. આ કેમ્પમાં શાળાના આચાર્ય સીસ્ટર જેનિફરની મંજૂરી હેઠળ ફોરેસ્ટ કેમ્પનું આયોજન હાથ ધરાયુ હતુ. શાળાના શિક્ષક સહ મિતેષ સ્કાઉટગાઈડ તેમજ શિક્ષક ચંદ્રિકાબેને માર્ગદર્શન હેઠળ વિશેષ ફરજ બજાવી હતી.

ગાંધીનગર શહેર વસાહત મંડળે શહેરને સ્પર્શતા પ્રશ્નોની કમિશનરને રજુઆત કરી

ગાંધીનગર,તા.૨૩

ગાંધીનગર શહેરને સ્પર્શતા કેટલાક પ્રાણ પ્રશ્નો સાથે મનપાના નવા કમિશનર તરીકે પદભાર સંભાવતા રતન કુંવરબા ચારણ ગઢવીને આવકારવા તેમજ પ્રશ્નોની રજુઆત કરવા ગાંધીનગર વસાહત મંડળનું પ્રતિનિધી મંડળ પહોચ્યું હતું.

નગરની કાયદાકીય કટોકટીમાંથી મહાનગર પાલિકાને બહાર કાઢી સ્માર્ટ સીટી જેને માટે મહાનગર પાલિકાની રચના થઈ છે. તેવા જવાહર લાલ નહેરુ અર્બન ફંડનો ઉપયોગ થાય અને નગરજનો પર કર ભારણ ઘટે તથા વિકાસના કામોમાં અવરોધ ઉભો ના થાય તેવી રજુઆત કરી હતી. આ ઉપરાંત સિનિયર સિટીઝન માટે સ્થાનિક બસમાં અમદાવાદની જેમ રૂપીયા એકમાં દિવસભર મુસાફરીની વ્યવસ્થા ગોઠવવી, ખાલી પ્લોટની સફાઈ કરવી, સ્થાનિક બસ સેવાનો સેકટરમાં લાભ આપવો, વગેરે જેવા સ્થાનિક મુદ્દાઓની પણ રજુઆત કરવામાં આવી હતી. શહેર વસાહત મહામંડળના અરુણભાઈ બુચ, ચંદુજી ઠાકોર, પ્રદિપ સોલંકી, કિશોર જિકાદરા, સુધીર દેસાઈ, પી.ડી.પટેલ, બી.એસ.પટેલ સહિતના આગેવાનોએ રજુઆત કરી નગરની ચિંતા વ્યકત કરી હતી. જેને પગલે પ્રતિનિધી મંડળને આવકારી જરુરી પ્રયાસો કરવાની અને નગરજનોના સાથ સહકારની અપેક્ષા કમિશનર રતન કુંવર ચારણ ગઢવીએ સેવી હતી.

આજથી ગાંધીનગરમાં રૂદ્રાક્ષ મહોત્સવનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગરમાં તા. ૨૪મીથી તા. ૩૦મી જાન્યુઆરી દરમ્યાન ૬ દિવસ માટે એસ.ટી. બસ ડેપો પાસે પથિકાશ્રમ હોટલના હોલ નં. ૨ ખાતે દરરોજ સવારે ૧૦ થી રાત્રિના ૮ વાગ્યા સુધી ૨૨મો ગુજરાત રૂદ્રાક્ષ મહોત્સવ યોજાશે.

રૂદ્રાક્ષ અંગે કાર્યરત મુંબઈની સંસ્થા રૂદ્રલાઈફ દ્વારા ગાંધીનગરમાં રૂદ્રાક્ષ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. રૂદ્રાક્ષ મહોત્સવમાં એક મુખી રૂદ્રાક્ષથી માંડીને ૧૪ મુખી રૂદ્રાક્ષની સિદ્ધમાળા, અનન્ય ઈન્દ્રમાળા, ૧ થી ૨૧ મુખી બીડ્સ તથા સ્ફટીક માળા વગેરેનો સંગ્રહ પ્રાપ્ય થશે. રૂદ્રલાઈફ દ્વારા આ વર્ષે ગુજરાતમાં રૂદ્ર મહોત્સવ દરમ્યાન સૌથી આકર્ષક કિંમતો રજુ કરાઈ હોવાનો દાવો કરવામાં આવ્યો છે. આ સાથે હેલ્થ, પર્સનાલીટી તેમજ ગ્રોથ માટે જરૂરી તનય સીઠાની ટીમ રૂદ્રાક્ષ કોમ્બિનેશનનું માર્ગદર્શન પુરૂ પાડશે. આ મહોત્સવમાં કારીગરો દ્વારા સ્થળ પર જ રૂદ્રાક્ષની માળા બનાવી આપવામાં આવશે.

એસ.ટી.નિગમના કામદારોના પડતર પ્રશ્નો અંગે મંત્રીકક્ષાએ આવેદનપત્ર

ગુજરાત રાજય વાહન વ્યવહાર નિગમના કામદારોના છેલ્લા કેટલાક સમયથી પડતર પ્રશ્નો છે. જેનો આજદિન સુધી ઉકેલ આવ્યો નથી. નિગમના કામદારોના પ્રશ્નોને લઈ નિગમ કે રાજય સરકાર ચિંતિત હોય તેમ લાગતુ નથી. ત્યારે કામદારોના આર્થિક અને વહીવટી પ્રશ્નોનું યોગ્ય નિરાકરણ આવે તે માટે ૨૩ પ્રશ્નો ઉકેલવામાં આવે તેવી માંગ સાથે આજે કર્મચારીઓએ ગુજરાત શ્રમિક સંઘના નેજા હેઠળ રાજયકક્ષાના વાહન વ્યવહાર મંત્રીને આવેદન પત્ર આપી રજુઆત કરી છે. પડતર પ્રશ્નોનું નિરાકરણ સમય મર્યાદામાં નહીં આવે તો ના છુટકે કામદારોએ ચક્કાજામનો કાર્યક્રમ આપવામાં આવશે તેવી ચિમકી ઉચ્ચારી છે.

પ્રાપ્ત માહિતી મુજબ ગુજરાત રાજય વાહન વ્યવહાર નિગમના કર્મચારીઓના વર્ષોથી પડતર માંગણીઓ છે.જેમાં ૧-૧-૧૬ થી છઠ્ઠા પગારપંચનું એરીયર્સની ચુકવણી કરવી, એચઆરએ અને સીએલએનું ૧૨ માસનું એરીયર્સ તાકીદે ચુકવી આપવું, ડ્રાઈવર-કંડકટરને રેગ્યુલર વિકલી ઓફ ચુકવી આપવા અને પડતર વિકલી ઓફનું નાણાકીય રૂપમાં વળતર ચુકવી આપવું, દર છ માસે ખાતાકીય પરિક્ષાનું આયોજન કરવું, સીનીયોરીટીને તપાસ્યા વગર ગેરકાયદેસર કરેલા બદલીના હુકમો રદ કરવા, ફીકસ પગારધારકોને સમાન કામ સમાન વેતન આપવું, ડ્રાઈવર-કંડકટર મીકેનીક તેમજ વહીવટી સ્ટાફને નાની બાબતોમાં આપવામાં આવતા મેમો, ચાર્જશીટ, સસ્પેન્શનના હુકમોની કાર્યવાહી તાકિદે બંધ કરવી, ફરજ દમિયાન મૃત્યુ પામનાર કામદારના પરિવારના એક સભ્યને માત્ર ૩૦ દિવસમાં તાત્કાલીક ધોરણે નોકરી આપવી, કામદારની વિધવાને બસમાં ફ્રી પાસ આપવા, મેડીકલ બીલની સિલીંગ લીમીટમાં વધારો કરવો, હાઈ વે હોટલમાં કરાર કરતી વખતે ડ્રાઈવર કંડકટરને ફ્રી જમવાની શરતનો ઉમેરો કરવો, મીકેનીક સ્ટાફની ભરતી કરવી સહિતના પ્રશ્નોને લઈ આજે કામદાર સંઘના નેજા હેઠલ કર્મચારીઓ એકઠા થયા હતા અને રેલી યોજીને વાહન મંત્રીને આવેદન પત્ર પાઠવી સત્વરે યોગ્ય કરવા રજુઆત કરી છે. આ પ્રસંગે નિગમના કર્મચારીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજ દ્વારા રવિવારે અમૃત મહોત્સવ યોજાશે

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજ ગાંધીનગર દ્વારા વરિષ્ઠ વડીલોને સન્માનવાનો કાર્યક્રમ 'અમૃત મહોત્સવ ૨૦૧૮' તા. ૨૦મી જાન્યુઆરીના રોજ સાંજે ત્રણ વાગે શેઠ શ્રી ખીમજી વિસરામ એન્ડ સન્સ કડી સંકુલ ખાતે યોજાનાર છે. જેમાં ૭૫ વર્ષ પુર્ણ કર્યા હોય તેવા ૧૯૩ વરિષ્ઠ વડીલોનું સન્માન કરવામાં આવનાર છે તો આ કાર્યક્રમમાં સંસ્થાના પરિવાર સભ્યોને ઉપસ્થિત રહેવા પ્રવર મંત્રી રમણલાલ શ્રીમાળીએ જણાવેલ છે.

ભૂંડ પકડવા જેવી નજીવી બાબતે બે યુવકો પર જીવલેણ હુમલો

સેક્ટર-૩૦ સર્કલ પાસે ધમાલ થઈ : લોખંડની પાઇપ અને હથોડાથી હુમલો કરાયો : પોલીસ ફરિયાદ નોંધાઇ

ગાંધીનગર, તા.૨૩

શહેરના સેક્ટર-૩૦ સર્કલ પાસે ગઈકાલે સાવ નજીવી બાબતે બે યુવકો પર જીવલેણ હુમલો થયો હોવાનું ધ્યાને આવ્યું છે. ભૂંડ પકડવા બાબતે ચીખલીગરો વચ્ચે અનેક વાર બબાલ થઈ ચૂકી છે ત્યારે ગઈ કાલે વધુ એક બબાલ થવા પામી હતી. અહીં ભૂંડ પકડવા કેમ આવ્યા છો તેમ કહીને ચાર શખ્સોએ મળી બે યુવક ઉપર લોખંડની પાઈપ અને હથોડા વડે જીવલેણ હુમલો કર્યો હતો. આ મામલે સેક્ટર-૨૧ પોલીસ મથકમાં ફરિયાદ દાખલ થવા પામી છે.

અમદાવાદના હાટેશ્વરમાં રહેતા ૨૧ વર્ષિય શ્રવણ શંકરભાઈ પવારે સેક્ટર-૨૧ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદ મુજબ તે અને તેનો ભાઈ વિજય ગંગારામ ગઈકાલે પેથાપુરમાં રહેતા પોતાના મિત્રને મુકવા ગાંધીનગર આવ્યા હતા. બપોરે ત્રણ વાગ્યાના અરસામાં તેઓ જ્યારે પરત ફરતા હતા ત્યારે સેક્ટર-૩૦ મુકિતધામ પાસે બાઈક સામે એક કાર આવી હતી. જેમાંથી ગાંધીનગરમાં રહેતાં લલ્લાસિંહ ઉર્ફે પવન રમેશસિંગ ચિખલીગર તથા તેનો ભાઈ પલ્લાસિંગ, સાબરકાંઠાના તલોદનો મોહન તથા મહિસાગરના બાલાસિનોરનો સમસેરસિંગ ઓમકારસિંગ ચિખલીગર ઉતર્યા હતા. ચારેય શખ્સોએ 'તમે કેમ ભૂંડ પકડવા અહીં આવ્યા છો? કહીં બંને યુવકો સાથે ઝઘડો કર્યો હતો. ત્યાર બાદ લોખંડની પાઈપ અને હથોડાથી હુમલો કર્યો હતો. બુમાબુમ થતા ચારેય શખ્સો ત્યાંથી ભાગી ગયા હતા. ગંભીર રીતે ઘાયલ થયેલા બંને યુવકોને રાહદારીઓએ ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ગાંધીનગર સિવિલ ખસેડ્યા હતા. જ્યાંથી તેઓને મણીનગરની ખાનગી હોસ્પિટલમાં લઈ જવાયા હતા. ઘટનાની જાણ કરતાં સેક્ટર-૨૧ પોલીસ સ્ટેશનના એએસઆઈ એમ. આર. ખોખરે અમદાવાદની ખાનગી હોસ્પિટલ પહોંચીને યુવકોની ફરિયાદ લીધી હતી. સે-૨૧ પોલીસે આ પ્રકરણમાં ચારેય હુમલાખોરો વિરૂદ્ધ ગુનો નોંધીને તેમને ઝડપી લેવા તજવીજ શરુ કરી છે.

સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ઈન્ડિયા ખાતે નેતાજી સુભાષચંદ્ર બોઝની જન્મ જયંતિ ઉજવાઈ

ગાંધીનગર શહેરના સેક્ટર-૧૫ ખાતે આવેલા સાઈ સ્પોર્ટસ સંકુલમાં આજે નેતાજી સુભાષચંદ્ર બોઝની જન્મ જયંતિ નિમિત્તે વિવિધ કાર્યક્રમ યોજાયા હતા. જેમાં અધિકારીઓ, કર્મચારીઓ અને વિદ્યાર્થી રમતવીરો જોડાયા હતા.

સુભાષચંદ્ર બોઝની ૧૨૨મી જન્મ જયંતિ નિમિત્તે યાદ કરતા તેમણે આપેલુ સૂત્ર 'તુમ મુજે ખુન દો મે તુમ્હે આઝાદી દુંગા' પણ તેમના આઝાદી સમયે આપેલ યોગદાનની યાદ અપાવે છે. ગાંધીનગરમાં આવેલી ભારતીય ખેલ પ્રાધિકરણ સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડિયાનુ કે જેની ચાર રિઝનલ ઓફિસનું નામ સુભાષચંદ્ર બોઝના નામ પરથી જ છે.

બીબીએ કોલેજમાં નેતાજી સુભાષચંદ્ર બોઝની જન્મજયંતિ ઉજવાઈ

ગાંધીનગર, તા. ૨૩

કડી સર્વવિશ્વ વિદ્યાલય સંલગ્ન બી.પી. કોલેજ ઓફ બીઝનેસ એડમિનિસ્ટ્રેશન (બીબીએ)ના ૮૦ વિદ્યાર્થીઓ ભારતની આઝાદની લડતનું ઉજવવળ નામ અને યુવાનોના આદર્શ સુભાષચંદ્ર બોઝની જન્મજયંતી નિમિતે વિદ્યાર્થીઓ નેતાજીના જીવન ચરિત્ર વિષે જાણે અને તેને પોતાના જીવનમાં ઉતારવાનો પ્રયત્ન કરે આવા ઉમદા હેતુથી કોલેજ દ્વારા આજના શુભ દિવસે ઉપરોક્ત કાર્યક્રમનું આયોજન થયું હતું. કોલેજ તરફથી ડો.જયેશ તન્ના દ્વારા બીબીએ કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા યુથ કાઉન્સીલ દ્વારા આયોજિત ઉપરોક્ત કાર્યક્રમ માટે વિદ્યાર્થીઓને અભિનંદન આપ્યા હતા. કોલેજના આચાર્ય ડો. રમાકાંત પૃષ્ટિ દ્વારા વિદ્યાર્થીઓને સુભાષચન્દ્ર બોઝના જીવનમાંથી પ્રેરણા લેવા નેતાજી દ્વારા આપેલા સૂત્રને યાદ કરાવ્યા હતા. તેમજ ભારતના આવા મહાપુરુષોને સમજી તેમના કાર્યો, અનુભવો અને સંઘર્ષમાંથી પ્રેરણા લેવા જણાવ્યું હતું. તેમજ ભવિષ્યના યુથ કાઉન્સિલના કર્યો માટે વિદ્યાર્થીઓને ઉત્સાહિત કર્યા હતા. કાર્યક્રમમાં ધર્મેન્દ્ર રાઠોડ દ્વારા સુભાષ બાબુના જીવન બાબતે કેટલીક છણાવટ કરી જેમાં નેતાજીના દેશ અને દુનિયામાં આઝાદી માટે સંઘર્ષરત રહ્યા તે પ્રસંગો અને આઝાદ હિન્દ ફોજનું નિર્માણ અને નેતૃત્વ કર્યું સાથે સાથે વિદ્યાર્થીઓને નેતાજીના જીવનના તમામ પાસાઓ પર તલસ્પર્શી માહિતી આપી હતી. જેમાં તેમના બાળપણ, યુવાની વિદેશ પ્રવાસ તેમજ ભારત ભ્રમણ બાબતે રસપ્રદ પ્રસંગો ટાંકી વ્યાખ્યાન આપ્યું હતું.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

જાહેરાત ૦૧-૨૦૧૯

ધોલેરા સ્પેશયલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયનલ ડેવલપમેન્ટ ઓથોરીટી,

બ્લોક નં. ૧૧-૧૨, ૩જો માળ, ઉદ્યોગ ભવન, ગાંધીનગર

ધોલેરા સ્પેશયલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયનલ ડેવલપમેન્ટ ઓથોરીટીની પ્રારંભિક નગર રચના યોજનાની રેકર્ડ તૈયાર કરવાની કામગીરી તથા ડી.આઈ.એલ.આર. કચેરી દ્વારા રેકર્ડ પ્રમાણિત કરવાની કામગીરી માટે એજન્સી નક્કી કરવા અનુભવી અને પ્રતિષ્ઠિત એજન્સીઓ પાસેથી online ટેન્ડરો મંગાવવામાં આવે છે. આ online ટેન્ડર www.nprocure.com સાઈટ ઉપર ઉપલબ્ધ છે. Online ટેકનીકલ તથા નાણાંકીય બીડના ટેન્ડર ભરીને અપલોડ કરવાની છેલ્લી તા. ૧૩/૨/૨૦૧૯ ના રોજ ૧૬.૦૦ કલાક છે.

કોઈપણ ટેન્ડર કે તમામ ટેન્ડરો કોઈપણ કારણ દર્શાવ્યા વિના રદ કરવાનો અબાધિત અધિકાર આ કચેરીને રહેશે. ટેન્ડર ભરનારને કચેરીના વખતો વખતના હુકમો બંધનકર્તા રહેશે.

તા. ૨૩/૧/૨૦૧૯ — મુખ્ય કારોબારી અધિકારી
સ્થળ : ગાંધીનગર — ડીએશઆઈઆરડીએ
માહિતી/૨૬૯૯/૧૮-૧૯